**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૨/૦૧/૨૦૧૬ શુક્રવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૧૫૫/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી ૨૬ વ્યક્તિઓને ઝડપી ૬૭ લીટર દેશી દારૂ, ૪૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૦ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૧૫૬/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદ:-** **સમાચાર યાદી નં.૧૫૭/૧૬**

**રામોલ:** મયુર ભયલાલભાઈ પટેલ (રહે.ગોકુલધામ સોસાયટી કઠવાડા રોડ નરોડા) એ તા.૨૧/૧/૧૬ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૯/૧૫ થી તા.૧૮/૧/૧૬ દરમ્યાન આરોપી (૧) ડાયરેક્ટર ધનાભાઈ રાજશીભાઈ નાગોરા (૨) બ્રાન્ચ મેનેજર અજય વાઘેલા (૩) આસીસ્ટન્ટ મેનેજર નિહારીકા પુરોહીત અને (૪) આસીસ્ટન્ટ મેનેજર વૈશાલી એ ભેગા મળી વસ્ત્રાલ એસ.પી.રીંગ રોડ ઓમ આર્કેટ ખાતે ગાડીઓની બોડી ઉપર કંપનીઓની જાહેરાત લગાવડાવી જાહેરાત બહાર પાડી ગાડીઓના માલીકોને વિશ્વાસમાં લઈ રૂપિયા ૬૬,૨૫૦/- નહી આપી છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ એ દેસાઈ ચલાવે છે.

**ઘરફોડ:-** **સમાચાર યાદી નં.૧૫૮/૧૬**

**બાપુનગર:** સુરેશભાઈ લક્ષ્મણભાઈ પટેલ (રહે.અશોક વાટીકા ફ્લેટ વિભાગ-૨ હીરાવાડી બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧/૧૬ સવારના ૮/૦૦ થી સાંજના ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૨૭,૫૦૦/- અને રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૨૭,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ એ પટેલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)